**વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના "ક્ષેત્રિય પાકોમાં બીજ ઉત્પાદન" અંતર્ગત મુ. મંડાળા, તા. ડભોઇ, જી. વડોદરા ખાતે તા. ૧૯ ફેબ્રુઆરી - ૨૦૨૦ ના રોજ 'સંકર દિવેલામાં ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન**

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના "ક્ષેત્રિય પાકોમાં બીજ ઉત્પાદન" અંતર્ગત વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા મંડાળા, તા. ડભોઇ, જી. વડોદરા ખાતે તા. ૧૯ ફેબ્રુઆરી - ૨૦૨૦ ના રોજ 'સંકર દિવેલામાં ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ તાલીમમાં આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના વિભાગીય સંશોધન કેન્દ્રના સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડો. એ. એસ. ભાણવડીયાની ઉપસ્થિતિમાં ૯૫ થી વધુ ખેડુતોએ ઉત્સાહભેર આ તાલીમમાં ભાગ લીધેલ.

પ્રાસંગિક ઉદબોધનમાં ડો. એ. એસ. ભાણવડીયાએ ખેડુતોને બિયારણ અંગે સતર્કતા રાખવા, ચોકસાઇપુર્વક બિયારણની પસંદગી કરવા તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે ખેડુતો માટે ઉપલબ્ધ જુદાજુદા વિષયોની તાલીમનો લાભ લેવા અનુરોધ કરેલ.

ડો. એમ. પી. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી દ્વારા દિવેલા ઉત્પાદન અંગે બિયારણ, વાવણી સમય, પિયત, અગત્યના તબક્કાઓ, નર ફૂલની સંખ્યા, અને કાપણી અંગેની મુખ્ય માહિતી આપવામાં આવેલ. ડો. એ. એસ. ભાણવડીયા દ્વારા વિવિધ નવી જાતો, વાવણી અંતર, ખાતરો, નિંદામણ અને પિયત અંગે તેમજ પ્રો. વી. કે. ચૌધરી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા રોગો અને જીવાતોની ઓળખ અને તેના નિયંત્રણના વિવિધ ઉપાયો વિષે ઉંડાણપુર્વક માહિતી આપવામાં આવેલ. પ્રો. વી. બી. પટેલ, દ્વારા ફિલ્ડ અંગેની બાબતોની માહિતી આપવામાં આવેલ.














